I.E.D.S.S.ના વિશિષ્ટ શિક્ષકોને
કમિશનરશ્રી શાળાઓની કચેરીના
હવાલે મુકવા બાબત

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક: બમશ/૧૨૨૦૨૨/૨૦૪/ગ.૨
સચિવાલય, ગાંધીનગર
તા.૧૯/૦૪/૨૦૨૩

વંચાણે લીધા:

(૧) શિક્ષણ વિભાગનો તા.૧૯/૦૬/૨૦૧૬નો ઠરાવ અને ફાઇલ ક્રમાંક: બમશ/૧૦૧૬/૪૩૨/ગ
(૨) શિક્ષણ વિભાગના તારીખ ૦૧/૧૦/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક: એસ.એસ.એ/૧૨૨૦૧૮/સિ.ફા.નં.૩૫/ન
(૩) શિક્ષણ વિભાગનો તારીખ ૨૬/૦૯/૨૦૧૭નો ઠરાવ ક્રમાંક:બમશ/૧૦૧૭/સીસી.૬૮/ગ(પા.ફા.)
(૪) સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, સમગ્ર શિક્ષા, ગાંધીનગરનો તારીખ ૦૮/૦૪/૨૦૨૨નો પત્ર ક્રમાંક: એસ.એસ./આઇ.ઇ.ડી.એસ.એસ./૨૦૨૨-૨૩/૧૧૪૦૯
(૫) સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, સમગ્ર શિક્ષા, ગાંધીનગરનો તારીખ ૧૮/૦૬/૨૦૨૨નો પત્ર ક્રમાંક: SS/I.E.D.S.S./૨૦૨૨-૨૩
(૬) સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, સમગ્ર શિક્ષા, ગાંધીનગરનો તારીખ ૨૦/૦૬/૨૦૨૨નો પત્ર ક્રમાંક: SS/I.E.D.S.S/૨૦૨૨-૨૩/૨૧૪૬૩
(૭) કમિશનરશ્રી શાળાઓની કચેરીનો તારીખ ૨૨/૦૭/૨૦૨૨નો પત્ર ક્રમાંક: ધ/માધ્ય/અનદ-૧/૨૦૨૨/૧૨૪૩૪
(૮) શિક્ષણ વિભાગનો તારીખ ૨૫/૦૯/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક:બમશ/૧૦૧૭/સીસી.૬૮/ગ(પા.ફા.)

પ્રસ્તાવના:

વર્ષ ૧૯૮૬થી શરૂ થયેલ સ્કીમ (I.E.D.C-Integrated Education For Disabled Childrer કેન્દ્રીય પુરુસ્કૃત યોજના અંતર્ગત વર્ષ ૨૦૦૯ સુધી પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ દિવ્યાં બાળકોને વિવિધ પ્રકારની સહાય પુરી પાડવામાં આવતી હતી. વર્ષ ૨૦૦૯થી કેન્દ્રીય પુરુસ્કૃ યોજના I.E.D.S.S. Inclusive Education of the Disabled at Secondary Stage) અમલમાં આ જેમાં મૂળભૂત રીતે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કક્ષાના (ધોરણ ૯થી ધોરણ ૧૨) દિવ્ય બાળકોનો સમાવેશ કરેલ.

પૂર્વે રાજ્યમાં I.E.D.S.S. યોજનાનું સંચાલન અને અમલીકરણ G.C.E.R.T દ્વારા કરવ ... વંચાણે લીધા ક્રમાંક(૧) સામેના વિભાગના તારીખ ૧૯/૦૬/૨૦૧૬ના ઠરાવથી કેન

પુરસ્કૃત માધ્યમિક તબક્કે વિકલાંગજનોની સંમિલિત શિક્ષણ યોજના(I.E.D.S.S.)ના અમલીકરણ અને વહીવટની કામગીરી રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન (R.M.S.A) ને સોંપવામાં આવેલ છે.

વંચાણે લીધા ક્રમાંક(૨) સામેના શિક્ષણ વિભાગના તારીખ ૦૧/૧૦/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક: એસ.એસ.એ/૧૨૨૦૧૮/સિ.ફા.નં.૩૫/ન થી રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન (R.M.S.A.)ને સર્વ શિક્ષા અભિયાન (S.S.A) સાથે મર્જ કરતા તે બધાને સમગ્ર શિક્ષા તરીકે નામાભિધાન કરવામાં આવેલ. જે અંતર્ગત I.E.D.S.S. યોજનાની કામગીરી પણ સમગ્ર શિક્ષા હેઠળ આવી હતી. જે હાલમાં ચાલુ છે.

I.E.D.S.S. યોજના હેઠળ અગિયાર માસના કરાર પર લેવામાં આવેલ કાર્યરત વિશિષ્ટ શિક્ષકોને નામ. ગુજરાત હાઇકોર્ટના SCA NO.33/2005ના તારીખ ૨૨/03/૨૦૧૩નાં ચુકાદા મુજબ વિભાગના તારીખ ૨૬/૦૯/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક:બમશ/૧૦૧૭/સીસી.૬૮/ગ(પા.ફા.) તથા તારીખ ૨૫/૦૯/૨૦૧૮ના ઠરાવ બમશ/૧૦૧૭/સીસી.૬૮/ગ(પા.ફા.)થી સદર વિશિષ્ટ શિક્ષકોને બિનસરકારી ગ્રાંટ ઇન એઇડ માધ્યમિક શાળાના શિક્ષકો સમકક્ષ લાભો આપવામાં આવેલ છે. સદર વિશિષ્ટ શિક્ષકો માટે અલગથી કોઇ રૂલ્સ બનાવેલ નથી. પરંતુ નામ. હાઇકોર્ટના ચુકાદાને આધિન સદર બિનસરકારી ગ્રાન્ટેડ સમકક્ષ લાભો આપેલ હોવાથી, તેઓને બિનસરકારી ગ્રાન્ટ ઇન એઇડ માધ્યમિક શાળાના શિક્ષકોને લાગુ પડતા નિયમો/જોગવાઇ મુજબ લાભો આપવામાં આવેલ છે.

સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, સમગ્ર શિક્ષા, ગાંધીનગરના વંચાણે લીધા ક્રમાંક (૨)ના તા.૦૮/૦૪/૨૦૨૨ના પત્રથી હાલમાં રાજ્યમાં કાર્યરત ૧૦૦૫ જેટલા વિશિષ્ટ શિક્ષકોને કમિશનરશ્રી શાળાઓને હવાલે મુકવા બાબતે રજુઆત કરેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:</u>

સરકારશ્રીની પુખ્ત વિચારણા બાદ I.E.D.S.S ( Inclusive Education of the Disabled at Secondary Stage) યોજના હેઠળના ૧૦૦૫ જેટલા વિશિષ્ટ શિક્ષકોની માત્ર વહીવટી કામગીરી કમિશનરશ્રી શાળાઓની કચેરીને હવાલે મુકવાનું ઠરાવવામાં આવે છે.

આથી બંને કચેરીઓએ સદર ઠરાવના અનુસંધાને કરેલ તબદીલીની તેમજ નામ. કોર્ટના આદેશના પાલન માટે જરૂરી સેવાકીય, બજેટ સંબંધી, કાયદા સંબંધી કાર્યવાહીના આયોજન અને અમલવારીનો રોડમેપનો તાત્કાલિક વિગતવાર રિપોર્ટ રજૂ કરવાનો રહેશે. તેના

પર સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગ, નાણા વિભાગ, કાયદાવિભાગના માર્ગદર્શન મંજુરી બાદ તે પ્રમાણે કાર્યવાહી કરવાની રહેશે.

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઇલ પર નોંધ પર સરકારશ્રીની તારીખ ૧૬/૦૨/૨૦૨૩ની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

(જે.ટી. બાંધણીયા)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ ૧, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, બ્લોક નં ૫, ૭ મો માળ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા કચેરી, સેકટર-૧૭, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રીની કચેરી, અમદાવાદ, રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, બ્લોક નં ૫, ૭ મો માળ, સચિવાલય ગાંધીનગર(વેબ સાઇટ પર મૂકવા સારૂ.)
- સિલેક્ટ ફાઈલ.
- નાયબ સેકશન અધિકારી સિલેક્ટ ફાઈલ